[illegible]

[illegible]

સરલ

બાળપોથી

[illegible]

[illegible]

[illegible]

અમદાવાદ.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible] ૧૧૪૩

[illegible]

[illegible] કરવો પડશે.

[illegible]

[illegible]

[illegible]

(૧) [illegible]


(૨) [illegible]

સરલ બાળપોથી

ભાગ—૧



ઘર



રથ

ઘ ર થ




થડ



ફણસ

ડ　　ફ　　ણ　　સ

ડફ | રસ




ઢગ



જઠર

ઢ ગ જ ઠ


ગઢ	ગજ
ગર	ગણુ



હળ




વડ




નટ

હ ળ વ ન ટ


નળ	હવન
જવ	હરણ



ખલ




ધમણ



ચમર

ખ　　લ　　ધ　　મ　　ચ

ચણ	મધ	મગન
મગ	લખ	મગર



બળદ




ભમર



ઉતરડ

બ દ ભ ઉ ત

તલ	બરફ
તજ	ઉમર
ભણ	ઉતર



પણછ



ઇયળ



ઝરણ

પ છ ઇ ય ઝ


ઝટ	પવન
દળ	પરબ
પગ	છગન



અજગર



કળશ



ઋષભ

અ ક શ ઋ ષ

શણ	કલમ
મઠ	કમળ
હઠ	અદબ

ક ખ ગ ઘ

ચ છ જ ઝ

ટ ઠ ડ ઢ ણ

ત થ દ ધ ન

પ ફ બ ભ મ


ય ર લ વ

શ ષ સ હ ળ

અ ઇ ઉ ઋ

ભાગ—૨

ક ખ ગ ઘ



કમળ

કર	ખલ	ગજ	ઘર
કમળ	ખડ	ગણુ	ઘન
કલમ	ખડકે	ગગન	ઘડ

છગન, કલમ ઘડ.

મગન, ઘન ગણુ.

ચ છ જ ઝ



છતર

ચઠ	છત	જવ	ઝટ
ચમર	છતર	જમ	ઝરણ
ચમન	છગન	જમણ	ઝડપ

ચમન,   જમણ   જમ.

છગન,   ઝટ   ચઠ.

ટ ઠ ડ ઢ ણ



ડફ

ટપ	ઠઠ	ડફ	ઢગ
	ઠગ	ડર	


. ...

કણ | ગણ | ભણ | વણ

ઉજમ, જળ ભર.

રમણ, ન ડર.

ત થ દ ધ ન




નળ

તર	થડ	દર	ધડ	નખ
તજ	થર	દસ	ધણ	નટ
તલ		દળ	ધમ	નળ

દલપત, દસ ગણ.

નવલ, નખ ન કરડ.

પ ફ બ ભ મ




બતક

પગ	ફળ	બતક	ભર	મગ
પકડ	ફર	બળદ	ભરત	મધ
પવન	ફણુસ	બરફ	ભજન	મઠ

મગન, ભજન કર.

ભરત, ઝટ ભણ.

ય ર લ વ



લસણ

રમ	લખ	વડ
રમત	લટ	વણ
રમણ	લસણ	વણકર

રમણ, રમત રમ.

વણકર, ઝટ વણ.

શ ષ સ હ ળ



હરણ

શણ	સફર	હઠ	ગળ
શર	સમય	હરણ	જળ
	સરસ	હસન	દળ

ચમન, સફર કર.

હસન, હરણ ન પકડ.

અ ઇ ઉ ઋ




અજગર

અડદ	ઇયળ	ઉપર	ઋષભ
અજગર		ઉમર	

ઉમર, અદબ કર.

ઇયળ, ઉપર ચઢ.

ભાગ—૩



આ ા

આ = ા | મ + ા = મા

કા ચા ટા તા પા

બા	બાપા	ભાત	આપ
મા	કાકા	દાળ	લાવ
ખા	મામા	શાક	માગ

બા, ભાત આપ.

મા, દાળ લાવ.

આ શાક ખા.



ઈયળ

ઈ = િ | ક + િ = કિ


કિ ચિ ટિ તિ પિ

પિતા	સિતાર	સવિતા	હરિ
વિના	નિશાળ	કવિતા	નહિ

સવિતા, સિતાર વગાડ.

હરિ, ખા ખા કર નહિ.

છગન, રિસાળ ન થા.



ઈસ

ઇ = ી | ઘ + ી = ઘી


કી જી ટી તી પી

ગીત	લીટી	ચઢી	આવી
નીર	સીડી	ભલી	લાવી
હીર	પીળી	મણી	કાશી

કાશી હીર લાવી.

મણી, ગીત ગા.

સવિતા સીડી પર ચઢી.



ઉતરડ

ઉ = ુ | ક + ુ = કુ

કુ જુ ડુ તુ રુ

પુરી	મનુ	ગુલાબ	ખજુર
સુડી	પશુ	લુહાર	મધુર
પુણી	બહુ	કુમાર	કપુર

મનુ, ખજુર ખા.

ઉજમ ગુલાબ લાવી.

લુહાર, સુડી આપ.



ઊન

ઊ = ૂ | ક + ૂ = કૂ


કૂ જૂ ટૂ તૂ રૂ

ભૂ	ફૂલ	ભૂખ	ભૂલ
રૂ	દૂધ	મૂળ	ખૂબ

બા, ભૂખ લાગી.

ભાઈ, દૂધ પી.

સીતા, ફૂલ લાવ.



એરણ

એ = ે | જ + ે = જે


કે ચે ટે તે ‍ે

છે	તેલ	પટેલ	આજે
લે	ઢેલ	મહેલ	પાસે
એ	શેઠ	સહેલ	સાથે

ખેડુત ખેતર ખેડે છે.

ઢેલ દાણા ચણે છે.

પટેલ ઘેર જાય છે.



ઐરાવત

ઐ = ૈ | ક + ૈ = કૈ

કૈ ચૈ ટૈ તૈ પૈ

બૈરી	વૈદ	વૈતરા	તૈયાર
પૈસા	જૈન	તૈયબ	રૈયત

બૈરી પાણી ભરે છે.

વૈતરા મજુરી કરે છે.

તૈયબ તૈયાર થાય છે.



ઓરત

ઓ = ો | જ + ો = જો

કો ચો ટો તો પો

છો	ઢોલ	ગયો	છોકરો
ઘો	મોર	દડો	જમણો
ખો	બોર	કરો	ભમરો

મોર કળા કરે છે.

દડો જમણો ગયો.

છો પર બેસો નહિ.




ઔષધ

ઔ = ૌ | સ + ૌ = સૌ

કૌ ચૌ ટૌ તૌ પૌ

સૌ | નૌકા | નૌતમ

સૌ બાળકો રમત રમો.
નૌતમ, નૌકા ચલાવ.



અંબાડી

અ + ં = અં | ક + ં = કં

આં ઇં ઈં ઉં ઊં

કાં કિં કીં કું કૂં

અંગ	આંબો	ભેંસ	પતાસાં
ઈંટ	પાંખ	ઉંદર	ફુમતું
ઊંટ	રંગ	એંજિન	પુછડું

ઇંટનો રંગ રાતો છે.

ભેંસનું પુછડું લાંબું છે.

અ:

અ + ઃ = અઃ | ત + ઃ = તઃ

કઃ ચઃ ટઃ તઃ પઃ

દુઃખ

કોઈને દુઃખ દેવું નહિ.

બારાખડી

અ આ ઇ ઈ ઉ ઊ એ ઐ ઓ ઔ અં અ:

ક કા કિ કી કુ કૂ કે કૈ કો કૌ કં કઃ

ચ ચા ચિ ચી ચુ ચૂ ચે ચૈ ચો ચૌ ચં ચ:

જ જા જિ જી જુ જૂ જે જૈ જો જૌ જં જઃ

ર રા રિ રી રુ રૂ રે રૈ રો રૌ રં રઃ


ભાગ—૪

પાઠ ૧



બા, હું નિશાળે જાઉં છું.
ભાઈ, જા. વખત થયો છે.
તારી ચોપડી ને પાટી લીધાં?
હા, બા, બધું લીધું છે.
ભાઈ, સાચવીને જજે.
ગુરુજી શીખવે તે બરાબર શીખજે.
રજા પડે કે તરત ઘેર આવજે.
વાટમાં રઝળીશ નહિ.
સારૂં, બા, હું જાઉં છું.
જા, ભાઈ, ખુશીથી જા.

પાઠ ૨



આ ગાય છે.

તેને ચાર પગ છે.

માથે બે શીંગડાં છે.

પાછળ એક પુછડું છે.

ગાય પાસે વાછરડી છે.

બા ગાય દોહે છે.

પાસે ભાઈ ઉભો છે.

તે દૂધ માગે છે.

બા તેને દૂધ આપશે.


ભાઈ દૂધ પીશે.

પાઠ ૩



આ પોપટ છે.
તે ડાળી ઉપર બેઠો છે.
તેને બે પાંખો ને બે પગ છે.
પોપટનો રંગ લીલો છે.
તેને એક ચાંચ છે.
તેની ચાંચ વાંકી છે.
ચાંચ રંગે રાતી છે.
તેની ડોકે કાળો કાંઠલો છે.
પોપટને ફળ બહુ ભાવે છે.
તેની બોલી મીઠી લાગે છે.

પાઠ ૪



મનુ, ચાલ, ગાડી ગાડી રમીએ.

બાબુભાઈ ઍંજિન થાય.

રમુ ને છોટુ ડબા થાય.

નટવર ગાડીની સંભાળ રાખે.

નૌતમ લીલી ધજા બતાવે.

નટવર સિસોટી વગાડે.

ઍંજિન પુઉઉઉ....કરે,

એટલે ગાડી ચાલવા માંડે.

ચાલો, ગાડી ચાલવા લાગી.

છુકછુક, છુકછુક, છુકછુક.

પાઠ ૫



જુઓ, આ કેરી છે.
તે ડાળી પર લટકે છે.
તેનો આકાર લંબગોળ છે.
કાચી કેરી ખાટી હોય છે.
પાકી કેરી મીઠી લાગે છે.
કેરીમાં ગોટલો હોય છે.
ગોટલો ભાંગતાં ગોટલી નીકળે.
ગોટલી તુરી હોય.
ગોટલો વાવીએ તો આંબો થાય.
આંબા પર કેરી આવે.
મને કેરી બહુ ગમે છે.

પાઠ ૬



ચાલ સવિતા, ઢીંગલી ઢીંગલી રમીએ.

હા, કમળા બેન, ચાલો.

કમળા, હું પણ આવું છું.

કાશી, આવીશ નહિ. તું ગંદી છે.

જો, તારાં કપડાં કેવાં મેલાં છે !

હાથ પર કેટલો મેલ છે !

તારો મેલ અમને ચોંટે.

ગંદું શરીર કોને ગમે ?

કમળા બેન, શું કરૂં તો રમાડો ?


ગંદી ન રહે તો રમાડીએ.

પાઠ ૭



એક પૈસાદાર વેપારી હતો.
તે ઘોડે બેસીને જતો હતો.
વાટમાં તેની શાલ પડી ગઈ.
વેપારીને તેની ખબર ન રહી.
તે શાલ ખેડુતના છોકરાને જડી.
છોકરે તે શાલ રાખી નહિ.
તે વેપારીની પાછળ ગયો.
"ઉભા રહો" એવી બૂમ પાડી.
વેપારી કને જઈ તેને શાલ આપી.
છોકરાની ટેવ જોઈ વેપારી ખૂશ થયો.

પાઠ ૮



વિનુ, આ બગીચો જો.
એ અમે બનાવેલો છે.
આ બધાં ફૂલઝાડ છે.



જો, આ ગુલાબ છે.
તેની વાસ કેવી મધુર છે!

આ મોગરો જોયો?
તે કેવો બહેકે છે!






આ જુઈ તો જો.
ફૂલ તો નાનું છે,
પણ શી મઝાની વાસ!

ભાગ—૫


પાઠ ૯



(દોહરા)

ગુણવાળી છે ગાય તું,
આપે મીઠું દૂધ;
હોંસે હોંસે પીઉં છું,
નાચી કૂદી ખૂબ.
દહીં તેનું કરીએ કદી,
માખણ, ઘી પણ થાય;
મીઠાં બહુ લાગે મને,
ગુણવાળી એ ગાય.

પાઠ ૧૦



(પુનમ ચાંદનીનો રાગ)

આવો ખેલ મઝાનો કરીએ આજે આપણે રે,
ઊઠો સૌએ સાથે રાખી સીધી હાર;
કરીએ આનંદેથી આજ કવાયત આપણે રે.
હાથ ઉપાડો હોંસથી,
ઉંચા જાય તમામ,
ગોળાકારે ફેરવો,
છેવટ સીધા આમ.
સીધી નજર કરીને ઉભા રે'વું સાથમાં રે,
ડાબા, સીધા, જમણા, સીધા થઈ આ વાર;
પુરો ખેલ કરીને ખાંતે સૌએ બેસીએ રે.

પાઠ ૧૧




(ચોપાઈ)

મા, મા, મા, તું બહુ હેતાળ,
રાત દિવસ લે છે સંભાળ;
સૌ સુખની તું છે દેનાર,
તારા વિણ ગમે ન લગાર.
મીઠાં મીઠાં વદતી વેણ,
નીરખી મુજને હસતાં નેણ;
મારે માટે દુઃખ ખમનાર,
નહિ ભૂલું તારો ઉપકાર.

પાઠ ૧૨

(ગઝલ)

વિભુ, સૌમાં વસેલો છે,
દયાળુ દેવ મોટો છે;
કીધાં તેં સાધનો સારાં,
સહુને સુખ દેનારાં.
જીવોને તું જિવાડે છે,
અમોને તું રમાડે છે;
મતિ સારી સદા દે તું,
અતિ આભાર માનું હું.



[illegible]

[illegible]

[illegible]

(૩) [illegible]

(૪) [illegible]

(૫) [illegible]

[illegible]

[illegible]

[illegible] ૭.

[illegible]

કન્યાશાળાઓના તથા અભ્યાસક્રમ [illegible] તૈયાર કરેલું

કન્યા-ગણિત

ભાગ પહેલો

કીંમત ચાર આના

૧ થી ૪ કન્યાશાળાઓમાં [illegible] મંજુર થયું છે.

બાળકોને અતિ ઉપયોગી [illegible] નવીન યોજના

સરલ બાળપોથીનાં કાર્ડની પેટી

કીંમત ચાર આના

મળવાનાં સ્થળ.

૧ મુખ્ય સ્થળ—

સરલ બાળપોથી ઓફિસ—

માંડવીની પોળ, [illegible] —અમદાવાદ.

૨ એજન્ટો—

મુંબઈ-ચંપકલાલ એન્ડ કંપની, [illegible]

[illegible]

[illegible]

[illegible]



મુદ્રણસ્થાન, આદિત્યમુદ્રણાલય, [illegible]—અમદાવાદ.
મુદ્રકઃ [illegible]